**Rcs No.65/2024**

-:**આંક ૦૫ લગત હુકમ**:-

**(01) વાદીની મનાઈ અરજીની ટૂંકમાં હકીકતો નીચે મુજબની છે** :-

હાલના કામે વાદીની આંક-૦૫ ની મનાઈ અરજી વંચાણે લેતા તેમાં વાદીઓ જણાવે છે કે, વાદીઓ ખાખડી મુકામે રહે છે. આ ગામના વાદીઓ ગુજરનાર નાનજી માસંગજીના વારસદારો આવેલા છે જયારે આ કામના પ્રતિવાદીઓ ગુજરનાર ભજગોવિંદ શંકરલાલના વારસદારો આવેલા છે. જત ડિસ્ટ્રીકટ પાટણ સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા હારીજના મોજે ગામ ખાખડીની સીમના ખેડ ખાતા નં.૩૬૮ ના બ્લોક/સર્વે નં.૪૨૭ ની કુલ ૪-૧૫-૦૨ હે.આરે.ચો.મી. જેનો આકાર રૂા.૮.૮૭ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન અમો વાદીઓની માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા જાતખેડ હકકમાં ચાલી આવેલ છે. જેની ચર્તુ : દિશા નીચે મુજબ છે.

| | |
|---|---|
| પૂર્વ | બ્લોક/ સર્વે નંબર ૪૨૬ ની જમીન આવેલ છે |
| પશ્ચિમ | બ્લોક/ સર્વે નંબર ૪૫૯ તથા ૪૫૩ ની જમીન આવેલ છે |
| ઉત્તર | બ્લોક/ સર્વે નંબર ૪૨૨ ની જમીન આવેલ છે |
| દક્ષિણ | બ્લોક/ સર્વે નંબર ૪૨૮ તથા ૪૨૯ ની જમીન આવેલ છે |

ઉપરોક્ત વર્ણવેલ દાવાવાળી જમીન જેના મુળ માલિક આ કામના પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર આવેલ હતા અને રેકર્ડ ઓફ રાઈટસમાં માલિક અને કબજેદાર તરીકે તેઓના નામે ચાલતી હતી. આ કામના પ્રતિવાદીના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર દ્વારા સને -૧૯૫૬ ના સમયના પ્રવર્તમાન અને માન્ય કાયદાથી મોઢાના કરારથી કુલ જમીન પૈકી ૧૪ (ચૌદ) વીઘા જમીન વીસા કુંવરા તથા માદેવ પાંચા નાઓને વેચાણ આપી તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટા અને ખેડ હક્કમાં સુપરત કરેલ હતા અને બાકીની ૪(ચાર) વીઘા જમીન ભજગોવિંદ શંકરલાલ ઠાકર દ્વારા હરીજના શીવા રામાને બક્ષીસ આપેલ હતી અને તે રીતે પ્રતિવાદીના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર દ્વારા દાવાવાળી જમીન વેચાણ તથા બક્ષીસથી સને-૧૯૫૬ની સાલમાં તબદીલ કરવામાં આવેલ અને ત્યારથી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અને ખેડ હકક વેચાણથી રાખનાર વીસા કુંવરા, માદેવ પાંચા તથા બક્ષીસથી રાખનાર હરીજન શીવા રામાનાઓ ધારણ કરતા આવેલા અને પાણીપત્રકમાં સને-૧૯૫૬ બાદથી તેમના નામો ખેડ અને કબજા હકકમાં ચાલતુ આવેલ. તે રીતે દાવાવાળી જમીનનો માલિકી પ્રત્યક્ષ કબજો ભોગવટો વેચાણ હકકથી ધારણ કરનાર વીસા કુંવરા તથા માદેવ પાંચાની ૧૪ વીઘા જમીન તથા બક્ષીસથી ધારણ કરનાર હરીજન શીવા રામાની ૪ વીઘા જમીન ત્યારબાદ તેઓ પાસેથી વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા સને-૧૯૬૩ ની સાલમાં મોઢાના કરારથી વેચાણ રાખી માલિકી કબજો ભોગવટો ધારણ કરેલ અને ત્યારથી દાવાવાળી જમીનના ખેડ હકક તથા કબજા હકકમાં ધારણ કરનાર તરીકે વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોરના નામ ગામ નમુના નં.૭ અને ૧૨ માં ચાલ્યુ આવેલ અને તે રીતે સને-1963 ની સાલથી દાવાવાળી જમીનનો સમ્પૂર્ણપણે માલિકી કબજો ભોગવટો વાદીઓના પિતા/દાદાથી

નાનજીજી માસંગજી તથા તેમના વારસદાર વાદીઓની સતત કોઈના કોઈપણ જાતના અંતરાય વિના ચાલ્યું આવેલ છે અને હાલની તારીખે પણ દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અને ખેડ હકક વાદીઓનો તમામની જાણકારીમાં સતત અવિરતપણે ચાલ્યુ આવેલ છે જેમાં હાલમાં વાદીઓએ એરંડા તથા કપાસનું વાવેતર કરેલ છે. વધુમાં ઉપરોકત હકીકતે દાવાવાળી જમીન અંગે સને-૧૯૫૧ તથા ત્યારબાદ સને-૧૯૬૩ ની સાલમાં ઉત્તરોઉત્તર તબદીલીઓ થયેલ પરંતુ તે સમયના પ્રવર્તમાન કાયદા મુજબ મોઢાના કરારથી વેચાણ થતા હોઈ અને મોઢાના કરારથી થયેલ વેચાણતે સમય કાયદામાં માન્ય હોવાથી સબંધિત સમયના પ્રવર્તમાન કાયદા તથા તે સમયના સામાજીક વ્યવહાર અને વિશ્વાસથી મોઢાના કરારથી દાવાવાળી જમીનનું વેચાણ થયેલ હતા જેના કોઈ રજીસ્ટર્ડ દસ્તાવેજ થયેલ ન હતા અને જેથી રેકર્ડમાં તે અંગેની નોંધ થયેલ ન હોઈ પરંતુ માલિકી અને કબજાની તબદીલી મોઢાના કરારના વેચાણથી થઈ ગયેલ હોવાથી વેચાણ લેનાર વાદીઓના પિતા /દાદાથી નાનજીજી માસંગજીનું નામ પાણીપત્રકમાં કબજા અને ખેડ હકક ધારણ કરનાર તરીકે દાખલ થયેલ જ્યારે માલિકીના કોલમમાં પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલનું નામ ચાલુ રહેલ હોવાથી રેકર્ડની તે પરિસ્થિતિના આધારે ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતના અધિનિયમની કલમ-૩૨-ગ હેઠળ ગણોતીયા અને જમીન તરીકેના તપાસ ઉપસ્થિત થવા પામેલ અને જે ગણોત તપાસના કામે મામલતદાર અને કૃષિપંચ, હારીજ નાઓ સમક્ષ ગણોત કેસ નં.૩૨ઓ/ખાખડી/૫૧/૭૪ ના કામે વાદીઓના વડીલ ઠાકોર નાનજીજી માસંગજી નાઓને ગણોતીયા તરીકે તથા પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ નાઓને જમીન માલિક તરીકે દર્શાવી તેઓ બન્નેને તથા અન્ય અગાઉના તબદીલીથી લેનારાને ગણોત કેસના કામે હાજર રહી તેમના જવાબ/નિવેદનો/વાંધા તથા પુરાવા રજુ

કરવા નોટીસો પણ કાઢવામાં આવેલી જે ગણોત કેસમાં વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર નાઓ મામલતદાર અને કૃષિપંચ સમક્ષ હાજર થઈ તેમનો જવાબ તથા નિવેદન લખાવેલ જેમાં તેમણે સ્પષ્ટપણે એ હકીકત જાહેર કરેલી કે તેઓ જમીનના ગણોતીયા નથી પરંતુ આ જમીન પૈકી ૧૪ વીઘા જમીન જમીન માલિક ભજગોવિંદ શંકરલાલ પાસેથી માદેવ પાંચા તથા વીસા કુંવરાએ વેચાણ રાખેલી અને ૪ વીઘા જમીન ભજગોવિદ શંકરલાલે રામા ભુપતાને વેચાણ આપેલી અને રામા ભુપતાએ તે જમીન હરીજન શીવા રામાને બક્ષીસથી આપેલી અને ત્યારબાદ તેઓ પાસેથી આ જમીન વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોરે વેચાણ રાખેલી છે અને કબજો ધરાવે છે અને વેચાણ રાખ્યા પહેલા કોઈ વખત ભાગે કે ગણોતે વાવેલ નથી અને વેચાણ અંગેનો કોઈ દસ્તાવેજ કરાવેલ નથી તેમજ કોઈ આધાર નથી, આ જમીન ગણોતીયા તરીકે વાવતા નથી પરંતુ વેચાણ હકકે માલિક તરીકે વાવે છે તેવા સ્પષ્ટ લેખિત નિવેદન વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા ગણોત કેસના કામે મામલતદાર અને કૃષિપંચ હારીજ નાઓ સમક્ષ પ્રત્યક્ષ હાજર રહી લખાવેલ છે. ઉપરાંત આ ગણોત કેસના કામે જમીન માલિક તરીકે દર્શાવેલ ભજગોવિંદ શંકરલાલનાઓ પણ હાજર થઈ તેમનો લેખિત નિવેદન લખાવેલ છે જેમાં તેમણે પણ નાનજીજી માસંગજી ઠાકોરએ લખાવેલ નિવેદનની હકીકતને સમર્થન આપતા નિવેદન લખાવેલ છે અને તેમણે પણ ઠાકોર નાનજીજી માસંગજી ગણોત હકકે નહિ પરંતુ વેચાણ હકકે માલિક તરીકે કબજો ધરાવી વાવે છે તેવા સ્પષ્ટ નિવેદન તે સમયે ગણોત કેસના કામે પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ દ્વારા પણ પ્રત્યક્ષ હાજર રહી લખાવેલ જે પક્ષકારોના પક્ષનિવેદનો તથા પુરાવા જોઈ તેના આધારે મામલતદાર ને કૃષિપંચ, હારીજ નાઓએ તેમના ગણોત કેસ નં.૩૨ઓ/ખાખડ/૫૧/૭૪ ના કામે તા.૨૨-૪-૧૯૭૬ ના

રોજના હુકમથી નાનજીજી માસંગજી ઠાકોર ગણોતીયા તરીકે નહિ પરંતુ વેચાણ હકકથી માલિક તરીકે જમીનનો કબજો તથા વાવેતર કરે છે તેમ ઠરાવી ગણોતધારાની કલમ-૩૨ઓ ની કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવેલ અને જમીન નાનજીજી માસંગજી ઠાકોરના ખાતે કરવા સારૂ રેકર્ડ ઓફ રાઈટસના ધોરણે તજવીજ કરવા સુચના આપવામાં આવેલ. તે રીતે દાવાવાળી જમીન વાદીઓના પિતા/વડીલશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા મોઢાના કરારથી વેચાણ રાખેલ હોઈ વેચાણ હકકથી માલિક કબજેદાર ભોગવટેદાર તરીકે દાવાવાળી જમીનનો માલિકી પ્રત્યક્ષ કબજો ભોગવટો કોઈના કોઈપણ જાતના અંતરાય, અડચણ વિના પ્રતિવાદીઓના વડીલ તથા પ્રતિવાદીઓની જાણકારીમાં ધારણ કરી ખેતીવાડી કરી ઉપજ નિપજ મેળવતા આવેલા પરંતુ સબંધિત સમયે મામલતદાર અને કૃષિપંચ, હારીજના હુકમમાં આપેલ સુચના પ્રમાણે રેવન્યુ તલાટીએ અમો વાદીઓના પિતા/વડીલશ્રી નાનજીજી માસંગજીના ખાતે રેકર્ડમાં કરવા સૂચના આપેલ હોવા છતાં રેવન્યુ તલાટીએ તેવી સુચનાનો અમલ કે તે મુજબ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહિ અને રેકર્ડ ઓફ રાઈટસમાં અગાઉની પરિસ્થિત ચાલુ રાખેલ અને જે રેવન્યુ અધિકારીની બેદરકારી અને ભુલના પરિણામે દાવાવાળી જમીનના વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી વેચાણ હકકથી માલિક તરીકે કબજો ભોગવટો ધારણ કરતા હોવા છતાં તેઓનું નામ માલિક કબજેદારના કોલમમાં નહિ દર્શાવીને બીજા હક્કના ખેડ કબજા હકના કોલમમાં ચાલુ રાખેલ જ્યારે માલિકીના કોલમમાં પ્રતિવાદીના વડીલ ભજગોવિદ શંકરલાલનું નામ ચાલુ રાખેલ પરંતુ તેઓનો જમીન પરત્વે કોઈજ હકક કે કબજો ક્યારેય સને-૧૯૫૬ પછીથી ન હતો કે નથી તેમણે ક્યારેય જમીન વેચાણ આપ્યા બાદ તેમના અગાઉના કે તેમના પ્રત્યક્ષ માલિકી કબજા ભોગવટામાં કોઈ વાંધો વિરોધ કે તકરાર લીધેલ ન હતા ઉલ્ટાનું તેમણે

ગણોત કોર્ટમાં પણ તેમણે જમીન વેચાણ આપી દીધાની હકીકત લેખિતમાં સ્વીકારી નિવેદનો આપેલા જેથી તેમની વચ્ચે ક્યારેય જમીનના રેકર્ડની પરિસ્થિત આધારે તેમના માલિકી કબજા ભોગવટા સંદર્ભે કોઈ વાદ-વિવાદ કે તકરાર કે મતભેદ થયેલ ન હતા અને વાદીઓ તથા તેમના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી નાઓ અભણ અજ્ઞાન ખેડુત હોઈ રેકર્ડ બાબતે તેમની અજ્ઞાનતાવશ માલિકીના કોલમમાં તેમનુ નામ દાખલ થાય તે માટે કોઈ કાર્યવાહી કરેલ ન હતા. આમ, ઉપરોકત હકીકતે દાવાવાળી જમીન વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા વેચાણ રાખેલ ત્યારથી એટલે કે સને-૧૯૬૩ થી સતત અને અવિરતપણે માલિકી પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર તથા ત્યારબાદ તેઓનું તા.૨૮-૮ -૧૯૯૫ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદાર હોવાની રૂએ વાદીઓ આ કામના પ્રતિવાદી તથા ગામ લોકો તમામની જાણકારીમાં કોઇના કોઈપણ જાતના અંતરાય, અવરોધ કે અડચણ, વાંધા વિરોધ વિના ધારણ કરતા આવેલા છે અને વાદીઓ દાવાવાળી જમીનમાં જાતે ખેતી કરે છે અને દાવાવાળી જમીનમાં સીઝનનું વાવેતર જાતે કરે છે અને હાલમાં પણ વાદીઓએ દાવાવાળી જમીનમાં એરંડા તથા કપાસનું વાવેતર કરેલ છે અને માલિકી હકકથી તેમના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા અગાઉ દાવાવાળી જમીન તથા અન્ય જમીન ઉપર સહકારી મંડળીમાંથી ખેત ધિરાણ પણ મેળવેલ જે અંગે મંડળીના બોજાની નોંધો નં.૮૦૭ તા.૭-૬-૧૯૮૪ ના રોજ દાવાવાળી જમીનના રેકર્ડમાં થયેલ છે. વધુમાં વાદીઓ જણાવે છે કે, ઉપરોકત તમામ હકીકતો અને વિગતો હોવા છતાં સદરહુ દાવાવાળી જમીનો પરત્વે આ કામના પ્રતિવાદીઓનો કોઈ હકક, હિત, હિસ્સો કે અધિકાર દાવાવાળી જમીનો પરત્વે સને-૧૯૫૧ ની સાથેથી દાવાવાળી જમીનો વેચાણ આપી દીધા બાદ રહેલ ન હોવા છતાં તેમજ

સને-૧૯૬૩ ની સાલથી થયેલ તબદીલી અંગે આ કામના પ્રતિવાદીઓએ કે તેમના વડીલે કોઈજ વાંધો કે તકરાર ક્યારેય ઉપસ્થિત કરેલ ન હોવા છતાં હાલમાં જમીનોનો ભાવ વધતા અને પ્રસરી રહેલ દુષણ સ્વરૂપે આ કામના પ્રતિવાદીઓ દ્વારા બીનહકકે અને બિનઅધિકારે મલીન ઈરાદે સદરહુ દાવાવાળી જમીનો પરત્વે વાદીઓ પાસેથી મોટી આર્થિક તોડ કરવાના બદઈરાદાથી દાવાવાળી જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં તેમના વડીલ ભજગોવિદ શંકરલાલનું નામ ચાલુ રહેલ હોઈ તેનો ગેરલાભ ઉઠાવી ભજગોવિદ શંકલાલનું અવસાન સને-૧૯૭૮ ની સાલમાં થયા બાદ તેમના વારસદાર તરીકે પણ પ્રતિવાદીઓના પિતા નટવરલાલ ભજગોવિંદનું નામ ખોટી રીતે રેકર્ડમાં દાખલ કરાવેલ છે અને ત્યારબાદ નટવરલાલ ભજગોવિંદનું અવસાન તા. 01-01-2020 ના રોજ થતા પ્રતિવાદીઓએ તેમની વારસાઈ નોંધ નં.3113 થી તા. 27-10-2021 ના રોજ દાખલ કરાવેલ અને પ્રતિવાદીઓ કે તેમના વડીલનો દાવાવાળી જમીનમાં કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો કે કબજો દાવાવાળી જમીનમાં રહેલ ન હોવાનું અને વાદીઓ દાવાવાળી જમીનના માલિક કબજેદાર હોવાનું જાણતા હોવા છતાં પ્રતિવાદીઓ દ્વારા રેકર્ડ ઓફ રાઈટસનો ગેરલાભ ઉઠાવીને તેમના નામો રેકર્ડમાં દાખલ કરાવી દીધા બાદ હાલમાં પ્રતિવાદીઓ દ્વારા થોડા દિવસ અગાઉ સદરહુ દાવાવાળી જમીનો ઉપર વાદી હાજર હતા તે સમયે આ કામના પ્રતિવાદી નં.૧, ૨ નાઓ તેમના કેટલાક અજાણ્યા ઈસમો સાથે આવી તેઓને જણાવેલ કે, સદરહુ દાવાવાળી જમીન તેમની છે આજ પછી અહીં આવતા નહી, નહિતર તમારા ઉપર ફરીયાદો અને કેસો કરી દઈશુ અને તેમના નામ રેકર્ડમાં ચાલે છે અને તેઓ આ જમીન વેચાણ કરવાના છીએ તેથી બને તેટલા ઝડપથી જમીનનો કબજો ખાલી કરી દેજો નહિતર બળજબરીથી કબજો લેતા વાર નહિ લાગે તેવી ગેરકાયદેસરની ધમકીઓ વાદીઓને આપી જતા રહેલા. આમ, આ

કામના પ્રતિવાદીઓ દ્વારા યેનકેન પ્રકારે દાવાવાળી જમીન પરત્વે બિનહકકે, બિનઅધિકારે રેવન્યુ રેકર્ડમાં તેમના નામ માત્ર ચાલતા હોઈ પરંતુ તેમનો કોઈજ હક્ક, હિસ્સો કે કબજો ન હોવા છતાં સને-૧૯૬૩ ની સાલથી વાદીઓના માલિકી, કબજા ભોગવટામાં ચાલી આવેલ જમીનનો કબજો પડાવી લેવાની ગેરકાયદેસરની ધમકીઓ તથા વેચાણ કરી દેવાની ધમકીઓ આપી રહેલા છે. જ્યારે ખરી હકીકતને સદરહુ દાવાવાળી જમીન સબંધે વાદીઓ એકમાત્ર કાયદેસરના માલિક, અને પ્રત્યક્ષ કબજેદાર-ભોગવટેદાર આવેલ છે તેમ છતાં માત્ર ગેરકાયદેસરની કાર્યવાહીઓના ભાગ સ્વરૂપે પ્રતિવાદીઓએ બિનહકકે, બિનઅધિકારે રેકર્ડમાં તેમની વારસાઈ નોંધ પડાવી તેમના નામો દાખલ કરાવ્યા બાદ રેકર્ડના આધારે જો આ કામના પ્રતિવાદીઓ સદરહુ દાવાવાળી જમીન પરત્વે આપી રહેલ ધમકીઓ મુજબ અન્ય કોઈ ત્રાહિત ઈસમો સાથે કોઈપણ જાતના કરાર, લેખો, લખાણો ઉપસ્થિત કરે કરાવે કે બિનહકકે અને બિનઅધિકારે તબદીલી અંગેની કાર્યવાહીઓ કરે કરાવે કે સદરહુ દાવાવાળી જમીન પરત્વે પ્રતિવાદીઓ બિનહકકે અને બિનઅધિકારે વાદીઓના શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા-ભોગવટામાં હરકત-હેલા કરે તો વાદીઓના દાવાવાળી જમીન પરત્વે પોષાતા કાયદેસરના માલિકી હકક, હિત, અધિકારને ખુબ જ મોટુ પારાવાર નુકસાન પહોંચે તેમ છે જેનો બદલો નાણાંથી વળી શકે તેમ નથી. વિશેષમાં વાદીઓએ મલ્ટીપ્લીસીટી ઓફ લીટીગેશનમાં ઉતરવુ પડે તેવા સંજોગો સર્જાય તેમ છે અને જેવા કારણોસર પણ વાદીઓના દાવાવાળી જમીન પરત્વેના કાયદેસરના હક્ક, હિત, અધિકારને નાણાંથી ન વળી શકે તેવુ મોટુ નુકશાન પહોંચે તેવા સંજોગો ઉપસ્થિત થાય તેમ છે. આથી તેઓ વાદીઓએ મજકુર દાવામાં જણાવેલ હકીકતો અને પ્રકરણોએ તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા વાદીઓ એકમાત્ર સદરહુ દાવાવાળી જમીનના કાયદેસરના

માલિક, પ્રત્યક્ષ કબજેદાર-ભોગવટેદાર આવેલ હોવાનું જાહેર કરાવવા તેમજ સદરહુ દાવાવાળી જમીન પરત્વે વાદીઓ સિવાય આ કામના પ્રતિવાદીઓને કે અન્ય કોઇનો કોઈપણ રીતનો કે પ્રકારનો કોઈજ લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકાર કે સબંધ પોષાતો ન હતો કે નથી તેવું જાહેર કરાવવા તેમજ આ કામના પ્રતિવાદીઓને દાવાવાળી જમીન સબંધિત ગેરકાયદેસરના કૃત્યો કરતા કરાવતા અટકાવવા સારૂ કાયમી મનાઈ હુકમ મેળવવા મજકુર દાવો તથા હાલની આ મનાઈ મનાઈ હુકમ મેળવવા આ અરજ છે.

**(02) <u>આંક-૫ નું કારણ :-</u>**

આ કામે અરજીના પેરા નં.ર માં વણવેલ દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદીઓના વડીલે સને-૧૯૫૯ ની સાલમાં મોઢાના કરારથી વેચાણ આપ્યા બાદ તેવા વેચાણ લેનારા પાસેથી સને-૧૯૬૩ ની સાલમાં વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા વેચાણ રાખી માલિકી કબજો ભોગવટો ધારણ કરી બિનતકરારી માલિકી અને કબજો ભોગવટો ધારણ કરતા હોઈ અને ત્યારબાદ ગણોત કેસના કામે પણ પ્રતિવાદીના વડીલે આ જમીન તેમણે વેચાણ આપી દીધાની હકીકત જાહેર કરી નિવેદન લખાવેલ હોઈ અને મામલતદાર અને કૃષિપંચે તે હકીકત ધ્યાને લઈ રેવન્યુ તલાટીને તેમના પિતા/દાદાશ્રી નાનજી માસંગજી ઠાકોરના ખાતે રેકર્ડમાં દાખલ કરવા સુચના આપેલ હોવા છતાં રેવન્યુ તલાટીની બેદરકારી અને નિષ્કાળજીથી તેવી કાર્યવાહી કરેલ ન હોઈ પ્રતિવાદીઓના વડીલનું નામ રેકર્ડે ચાલુ રહેલ તેનો ગેરલાભ ઉઠાવી પ્રતિવાદીઓ દ્વારા તેમના નામની વારસાઈ નોંધ રેકર્ડમાં કરાવી તેમના નામો દાખલ થયા બાદ રેકર્ડનો આધાર લઈ આ કામના પ્રતિવાદીઓ તથા તેમના મળતીયાઓ દ્વારા હાલમાં થોડાક દિવસ અગાઉ દાવાવાળી જમીન ઉપર આવીને વાદીઓને

દાવાવાળી જમીનનો કબજો ખાલી કરી દેવા અન્યથા બળજબરીથી કબજો પડાવી લેવાની તેમજ રેકર્ડમાં તેમના નામ ચાલતા હોય બીજા ત્રાહિતને વેચાણ કરી દેવાની ધમકીઓ આપતા મજકુર દાવો તથા હાલની આ મનાઈ અરજી સત્વરે આપ નામદાર કોર્ટમાં કરવાનું કાયદેસરનું કારણ ઉપસ્થિત થયેલ છે જે હાલમાં જારી છે. સદરહુ અરજીની હકીકતો, સંજોગો અને વિગતોને ધ્યાને લેતા વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ આવેલ છે. સગવડ અગવડનું ધોરણ તથા ઈરરીપેરેબલ લોસ ઓફ ઈન્જરીના મુદ્દા પણ વાદીઓની તરફેણમાં છે. જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ વાદીને આપવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન થાય તેમ નથી અને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ વાદીઓની તરફેણમાં આપવામાં ન આવે તો સદર દાવાવાળી જમીનો પરત્વેના વાદીઓના કાયદેસરના હકક, હિત, સબંધ, અધિકારને ખુબજ મોટુ પારાવાર નુકશાન થાય તેમ છે. જેનો બદલો નાણાંથી પણ વળી શકે તેમ નથી. તેથી વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ મેળવવા આ અરજ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

**(03) <u>આ કામે વાદીઓની દાદ નીચે મુજબ છે :-</u>**

સદારહુ અરજીની હકીકતો અને સંજોગોને લક્ષમાં લઈ દાવાવાળી જમીન અંગે આ કામના પ્રતિવાદીઓના નામ રેકર્ડમાં ચાલતા હોઈ તેનો ગેરલાભ ઉઠાવી પ્રતિવાદીઓ પોતે જાતે કે તેઓના કુ.મુ.નાઓ, નોકરો, એજન્ટો કે અન્ય મળતીયા ઇસમો કોઈપણ રીતે કે પ્રકારે કોઈપણ જાતના કરાર, લેખો કરે કરાવે નહિ કે દાવાવાળી જમીન અન્ય કોઈપણ રીતે વેચાણ, ટ્રાન્સફર, તબદીલ, ગીરો, બક્ષીસ કરે કરાવે નહિ કે દાવાવાળી જમીન પરત્વે કોઈનો કોઈપણ રીતે કે પ્રકારે હકક, હિત, હિસ્સો કે બોજો ઉત્પન્ન કરે કરાવે નહિ કે દાવાવાળી જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં કોઇપણ જાતના ફેરફાર કરે

કરાવે નહિ કે દાવાવાળી જમીનમાંના વાદીઓના શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા-ભોગવટામાં કે વાપર ઉપભોગ ઉપયોગમાં અંતરાય, અટકાયત, હરકત, હેલો કરે કરાવે નહીં તે મતલબનો વાદીઓના લાભમાં અને આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ આપવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી સમન્યાયી દાદ અપાવવા વિનંતી કરેલ છે.

**(04) <u>પ્રતિવાદીઓએ આંક - ૨૩ થી આપેલ દાવા તથા મનાઈ અરજીના જવાબની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે:-</u>**

પ્રતિવાદીઓએ જવાબ રજૂ કરેલ છે જેમાં જણાવે છે કે, વાદીઓને હાલનો દાવો તથા મનાઈ અરજી કરવા કોઈ જ હક્ક કે અધિકાર ન હોઇ ખર્ચસહ રદ કરવા વિનંતી છે, આ કામના વાદીઓનો હાલનો દાવો તથા કાયમી મનાઈ હુકમ કરવાનો કોઈજ કાયદેસરનો હક્ક હિત કે અધિકાર ન હોઈ કે કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોઈ જેથી વાદીએ કરેલ હાલનો આ દાવો રદ બાતલ ઠરવાને પાત્ર છે. આ કામના વાદીઓનો હાલનો દાવો તથા કાયમી મનાઈ હુકમમાં જણાવેલ તમામ વિગતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોઈ વાદીઓ દાવો મનઘડત ખોટી હકીકતો વાળો હોઈ અમો પ્રતિવાદીને મંજુર નથી આ કામના વાદીઓનો હાલનો દાવો તથા કાયમી મનાઈ હુકમમાં જણાવેલ વિગતો સંપૂર્ણપણે ઉપજાવી અને ઉપસાવી કાઢેલ હોઈ અમો પ્રતિવાદીઓએ તેવી તમામ વિગતોનો સ્પષ્ટ પણે ઇનકાર કરેલ છે. આ કામના વાદીઓનો હાલનો દાવો તથા કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીને માનસિક હેરાન પરેશાન કરવા તથા અન્ય સગા સંબંધી મિત્રો ને માનસિક ઠેસ પહોંચાડવા સારું તેમજ ડર પેદા કરવા સારું ના ગંભીર બદઈરાદાથી કરેલ હોઈ વાદીનો દાવો બદઈરાદાવાળો હોઈ હાલનો આ દાવો રદ થવાને પાત્ર છે. આ કામના વાદીઓનો હાલનો દાવો તથા કાયમી મનાઈ હુકમ ખોટી રીતે બદઈરાદાથી

તેમના અંગત હિત સ્વાર્થ ખાતર તેમજ ખોટી રીતે પ્રતિવાદીને પરેશાન કરી ખોટા આર્થિક હિત સાધવા સારું આ ખોટો દાવો કરેલ છે. જેથી પ્રતિવાદીને તે કબુલ મંજુર અને બંધનકર્તા નથી. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૧ સામે કોઈ તકરાર નથી. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૨ અંશતઃ ખરો ન હોઈ તેઓ પ્રતિવાદીઓને કબુલ નથી. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૩ અંશતઃ ખરો ન હોઈ પ્રતિવાદીઓને કબુલ નથી. હકીકતમાં વાદીએ પેરા નં. ૩ માં દાવાવાળી જમીન જેના મૂળ માલિક આ કામના પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર આવેલ હતા અને રેકર્ડ ઓફ રાઈટ્સમાં માલિક અને કબજેદાર તરીકે તેમના નામે ચાલતી હતી તેમ જણાવેલ છે તે હકીકત સામે વાદ નથી. "તે સમયે સમાજના રીવાજ મુજબ મોઢાના કરારથી વેચાણ થતા હતા. તેથી તે સમયે વેચાણ દસ્તાવેજ થયેલ નથી તેથી રેકર્ડમાં તે અંગેની નોંધ થયેલ નથી આ સમયે ઠાકર ભજગોવિંદ શંકરલાલનું નામ રેકર્ડમાં ચાલુ હોવાથી ગણોત અધિનિયમની કલમ ૩૨-ગ હેઠળ તપાસ થયેલી. જેના હુકમમાં મામલતદાર કૃષિ પંચનાઓએ તારીખ ૨૨ એપ્રિલ ૧૯૭૬ ના રોજ એવો હુકમ કરેલ કે “ખાખડીના સર્વે નં. ૪૨૭ દસ એકર- દસ ગુંઠા વાળી વાળી જમીન ખાખડીના ઠાકોર નાનાજીજી માસંગજી ગણોતિયા તરીકે ધારણ કરતા ના હોવાથી ગણોતધારાની કલમ ૩૨-ગ ની કાર્યવાહી બંદ કરવા હુકમ કરવામાં આવે છે ”. સદર કામે કૃષિ પંચ મામલતદારના હુકમ આધારે પણ સામાવાળાના દાદા ઠાકર ભજગોવિંદ શંકરલાલનું નામ રેકર્ડ ઓફ રાઈટ્સમાં પણ ચાલ્યું આવે છે. સદર જમીન મોજે ગામ ખાખડીની સીમના ખેડ ખાતા નં.૩૬૮ ના બ્લોક/સર્વે નં. ૪૨૭ ની કુલ ૪-૧૫-૦૨ હેકટર આરે ચો. મી. જેનો આકાર રૂ. ૮.૮૭ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીન તેમના દાદા ઠાકર ભજગોવિંદ શંકરલાલનાઓના નામે ગામ નમુના નં. ૭/૧૨ માં ચાલ્યું આવે છે. જે આજદિન સુધી તેમના

દાદાના નામે સતત ચાલતું આવતું હતું અને ત્યારબાદ તેમના પિતાના નામે અને ત્યારબાદ પ્રતીવાદીઓના નામે સતત ચાલતું આવે છે. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૪ અંશત. ખરો ન હોઈ પ્રતિવાદીઓને કબુલ નથી. હકીકત એવી છે કે, વાદી વારંવાર જણાવે છે કે સદરની જમીન વિસા કુંવરા તથા મહાદેવ પાંચા તથા હરિજન શિવા રામાને મોઢાના કરારથી વેચાણ આપેલ છે જે વેચાણ અંગે અરજદાર તરફે કાયદેસરની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. સદર કામે અરજદાર મોઢાના કરારથી જમીન વેચાણ રાખવાનું જણાવે છે. સદર કામે વાદી ઠાકોર છઠાજી નાનજીજીએ નાયબ કલેકટરશ્રી સમીની કોર્ટમાં જમીન તકરારી કેસ નં. ૫૭/૨૦૨૪ દાખલ કરેલી જે કેસનો હુકમ તારીખ ૧૮/૧૧/૨૦૨૪ ના રોજ વિવાદીની વાંધા અરજ નામંજુર કરવામાં આવેલ. સદર કામે વાદીએ ગણોત તપાસના કામે મામલતદાર અને કૃષિ પંચ હારીજનાઓ સમક્ષ ગણોત કેસ નં. ૩૨ઓ/ ખાખડી/૫૧/૭૪ નો દાખલ કરેલ જેનો હુકમ “ખાખડી સર્વે નં. ૪૨૭ એ ૧૦- ૧૦ ગુ વાળી જમીન ખાખડીના ઠાકરડા નાનજીજી માંસંગજી ગણોતિયા તરીકે ધારણ કરતા નહી હોવાથી ગણોતધારાની કલમ ૩૨ ચો ની કાર્યવાહી બંદ કરવા હુકમ કરવામાં આવેલ છે. જે તારીખ ૨૨/0૪/૧૯૭૬ નો હુકમ છે. ત્યારબાદ વાદીઓ ધ્વારા પોતાના નામે જમીન ખાતે કરવા સારું રેકર્ડ ઓફ રાઈટ્સની કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી સદરની જમીન ભજગોવિંદ શંકરલાલનાઓના જમીન માલિક તરીકે સતત ચાલતી આવેલ છે. સદરની જમીન વાદીઓના પિતા / દાદા નાનજીજી માંસંગજી એ વેચાણ અંગે કોઈ દસ્તાવેજ કરેલ નથી તેમજ કોઈ આધાર નથી. સદર કામે મામલતદાર અને કૃષિ પંચ હારીજના હુકમમાં આપેલ સુચના પ્રમાણે રેવન્યુ તલાટી પાસે વાદીઓના પિતા / વડીલશ્રી નાનજીજી માંસંગજીએ હુકમનો અમલ કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને રેકર્ડ ઓફ

રાઈટ્સમાં પ્રતિવાદીના દાદા ભજગોવિંદ શંકરલાલના નામે સતત ચાલતી આવેલ છે. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૫ તથા ૬ ખરા ન હોઈ પ્રતિવાદીઓને કબુલ નથી. ખરી હકીકત એવી છે કે, સદર જમીન મોજે ગામ ખાખડીની સીમના ખેડ ખાતા નં.૩૬૮ ના બ્લોક/ સર્વે નં. ૪૨૭ ની કુલ ૪-૧૫-૦૨ હેક્ટર આરે ચો. મી. જેનો આકાર રૂ.૮.૮૭ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીન ગામ નમુના નં.૭/૧૨ તથા હકપત્રકની નોંધોને ધ્યાનમાં લેવામાં આવે તો નોંધ નં.૧૩૪૩ તારીખ ૦૭/૧૨/૨૦૦૬ વારસાઈ નોંધથી અસર આપેલ છે જેમાં સીધી લીટીના વારસદારોમાં તેમના પિતાનું નામ ઠાકર નટવર ભજગોવિંદ આવેલું છે. ત્યારબાદ તેમના દાદાએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી રૂ. ૧,૫૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરાનું પાક ધિરાણ લીધેલ તેની નોંધ નં. ૧૪૯૮ પડેલ છે. ત્યારબાદ નોંધ નં. ૩૧૧૩ તેમના પિતા ઠાકર નટવર ભજગોવિંદ તારીખ ૦૧/૦૧/૨૦૨૦ ના રોજ મરણ થતા તેમના સીધી લીટીના વારસદારો (૧) મંગુબેન નટવરલાલ ઠાકર- પત્ની (૨) ગીરીશકુમાર નટવરલાલ ઠાકર- પુત્ર (૩) ઠાકર દેવીલાબેન તે નટવરલાલની દીકરી અને દવે કૃષ્ણકાન્તની પત્ની (૪) ભરતકુમાર નટવરલાલ ઠાકરનાઓના નામ વારસાઈ નોંધે આવેલ છે. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૭ ખરો ન હોઈ પ્રતિવાદીઓને કબુલ નથી. સાચી હકીકત એવી છે કે, સદર જમીન મોજે ગામ ખાખડીની સીમના ખેડ ખાતા નં. ૩૬૮ ના બ્લોક/ સર્વે નં. ૪૨૭ ની કુલ ૪-૧૫-૦૨ હેકટર આરે ચો. મી. જેનો આકાર રૂ.૮.૮૭ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીન ગામ નમુના નં. ૭/૧૨ તથા હકપત્રકની નોંધોને ધ્યાનમાં લેવામાં આવે તો સદર જમીન તેમના દાદાના નામે, ત્યારબાદ તેમના પિતાના નામે અને ત્યારબાદ પ્રતિવાદીઓના નામે સતત ચાલતી આવે છે. સદર જમીનના પ્રતિવાદીઓ જમીનના માલિક હોઈ તારીખ ૩૦/૧૦/૨૦૨૪ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નં.

૧૬૪૮/૨૦૨૪ થી જમીન વેચાણ આપેલ છે. પ્રતિવાદીઓ સદર જમીનના માલિક હોઈ સદરની જમીન શુદ્ધ બુદ્ધિથી વેચાણ આપેલ છે. સદર કામે વાદીઓ તરફે " નોન જોઈનડર ઓફ પાર્ટી " નો બાદ નડે છે. સદર કામે પ્રતિવાદીઓએ વેચાણ આપેલ જમીનના ગામ નમુના નં. ૬ હકપત્રકમાં નોંધ નં. ૩૪૯૬ થી તારીખ ૩૦/૧૦/૨૦૨૪ ના રોજ કાચી એન્ટ્રી પણ પડેલ છે. સદર કામે વાદી ધ્વારા નાયબ કલેકટર સમીની કોર્ટમાં જમીન/તકરારી કેસ નં. ૫૭/૨૦૨૪ થી વિવાદ ગુજરેલ. તે કામે નાયબ કલેકટર સમીનાઓએ એવો હુકમ કરેલ છે કે, "વિવાદીશ્રીની વાંધા અરજ નામંજુર કરવામાં આવે છે તથા મોજે ખાખડી, તા. હારીજ રેવેન્યુ રેકર્ડે દાખલ થયેલ બોજા મુક્તિ અંગેની નોંધ નં. ૩૪૯૧ ઠરાવમાં કરેલ ચર્ચાની વિગતે પ્રમાણિત કરવા આથી હુકમ કરેલ છે. વાદીનો દાવો તથા કાયમી મનાઈ હુકમના પેરા નં. ૮ ખરો ન હોઈ પ્રતિવાદીઓને કબુલ નથી. હકીકતમાં સંજોગોને વીગતો ધ્યાને લેવામાં આવે તો અમો પ્રતિવાદીઓને પ્રથમ દર્શનીય કેસ તેમની તરફેણ આવે એમ છે. સગવડ અગવડનું ધોરણ તથા ઈરરીપેરેબલ લોસ ઓફ ઈન્જરી પ્રતિવાદીની તરફેણમાં છે જેથી વાદીએ માંગ્યા મુજબનો કાયમી મનાઈ હુકમ ન આપવા તેમની આપ સાહેબને નમ્ર વિનંતી છે. જો કાયમી મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓના હકક, હિત, સબંધ, અધિકારને ખુબ જ મોટું નુકશાન થાય તેમ હોઈ જેને નાંણાથી પણ ભરપાઈ કરી શકાય તેમ ન હોઈ વાદીઓની માંગ્ય મુજબનો મનાઈ હુકમ ન આપવા તથા પ્રતિવાદીઓની તરફેણમાં હુકમ કરવા નમ્ર અરજ છે. સદર દાવાના કામે પક્ષકારની ખામીનો બાધ નડે છે તથા સદર દાવી સમયમર્યાદા બહારનો હોઈ રદ થવાને પાત્ર છે. વાદીના દાવાને હકુમતનો પણ સ્પષ્ટ પણે બાધ છે. આ કામના વાદીને હાલનો દાવો કરવાનો કોઈ હક્ક કે અધિકાર નથી. આ કામના વાદી જણાવે તે પ્રમાણે દાવાનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી. દાવાની હકીકત કાયદાની જોગવાઈઓ

જોતા વાદીએ દાવામાં માંગ્ય મુજબની કોઈ દાદ વાદી માંગી કે મેળવી શકતા ન હોઈ વાદીનો દાવો ખર્ચ સહ રદ કરી તેઓને ખર્ચ વ નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તે અન્ય સાધનિક દાદ ન્યાયની રાહે અપાવાશોજી. તેમના ઉપર મુજબનો જવાબ તથા હકીકતો ધ્યાને લઈ વાદીની દાવા અરજ તથા કાયમી મનાઈ હુકમ નામંજુર કરવા તથા પ્રતિવાદીઓની તરફેણમાં હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(05) ઉપરોક્ત હકીકતે અરજીનો નિર્ણય કરવા અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

(1) શું વાદી પોતાનો કેસ મજબૂત રીતે પુરવાર કરે છે.?

(2) શું સગવડ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે?

(3) શું વાદીની તરફેણમાં મનાઈ હુકમનો ઈન્કાર કરવાથી વાદીને નાણાથી ન મળી શકે તેવું નુકસાન થવા સંભવ છે?

(4) શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દાના મારા તારણોના કારણે લક્ષમાં લેતા નીચે મુજબ છે.

(01) નકારમાં

(02) નકારમાં

(03) નકારમાં

(04) આખરી હુકમ મુજબ

**(06) આ કામમાં વાદીએ પોતાના કેસથી પ્રથમદર્શનીય હકીકત સાબિત કરવા માટે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે....**

| **અનુક્રમ નં.** | **વિગત** |
|---|---|
| ૪/૧ | સર્વે નંબર ૪૨૭ ના ગામ નમુના નંબર ૭ ના ઉતારાની નકલ. |
| ૪/૨ | દાવાવાળી જમીનના અને ૧૯૫૬-૫૭ થી ૨૦૦૪-૦૫ સુધીના ગામ નમુના નંબર ૭/૧૨ |

| | |
|---|---|
| | ના ઉતારા ની નકલ. |
| ૪/3 | ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકની નોંધ નંબર ૮૦૭ ની નકલ. |
| ૪/૪ | દાવા વાળી જમીન અંગે મામલતદાર અને કૃષિ પંચ સમક્ષ ચાલેલ ગણોત કેસ નંબર ૩૨ઓ/ ખાખડી/૫૧/૭૪ ના થયેલ હુકમની નકલ. |
| ૪/૫ | ગણોત કેસ નંબર ૩૨ઓ/ ખાખડી/૫૧/૭૪ ના કામે જે તે હિત ધરાવનારને આપવામાં આવેલ નોટિસની નકલ. |
| ૪/૬ | ગણોત કેસ નંબર ૩૨ઓ/ ખાખડી/૫૧/૭૪ ના કામે ઠાકોર નાનજીજી માસંગજીએ આપેલ જુબાનીની નકલ. |
| ૪/૭ | ગણોત કેસ નંબર ૩૨ઓ/ ખાખડી/૫૧/૭૪ ના કામે ઠાકર ભજગોવિંદ શંકરલાલએ આપેલ જુબાનીની નકલ. |
| ૪/૮ | ગામ નમુના નંબર ૬ હકક પત્રક થયેલ નોંધ નંબર ૧3૪3 ની નકલ. |
| ૪/૯ | ગામ નમુના નંબર ૬ હકક પત્રક થયેલ નોંધ નંબર૨૦૭૪ ની નકલ. |
| ૪/૧૦ | ગામ નમુના નંબર ૬ હકક પત્રક થયેલ નોંધ નંબર ૨૧૮૯ ની નકલ. |
| ૪/૧૧. | ગામ નમુના નંબર ૬ હકક પત્રક થયેલ નોંધ નંબર ૨૯૪૯ ની નકલ. |
| ૪/૧૨ | ગામ નમુના નંબર ૬ હકક પત્રક થયેલ નોંધ નંબર ૩૧૧૩ ની નકલ. |
| ૪/૧૩ | સ્વ. ઠાકોર નાનજીજી માસંગજીના વારસદારોના પેઢીનામાની નકલ. |
| ૧૧/૧ | રજી દસ્તાવેજ નંબર ૧૬૪૮/૨૦૨૪ ની અરજીની નકલ. |
| ૨૬/૧ | નાયબ કલેક્ટર શ્રી સમીની કોર્ટમાં નંબર જમીન/તકરારી કેસ નંબર ૬૨/૨૦૨૪ ની નકલ. |

**(07)** આ કામમાં પ્રતિવાદીઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. પ્રતિવાદીઓ તરફે રજૂ થયેલા વિવિધ ચુકાદા માનસહ વંચાણે લીધા.

**(08)** **વચગાળાના મનાઈ હુકમ માટેના આવશ્યક તત્વો :-**

આ તબક્કે એ હકીકતની નોંધ લેવી પડે કે, વચગાળાનો મનાઈ હુકમ આપવો કે કેમ? તે અદાલતની વિવેકાધીન સતાને આધીન છે, અલબત આવી વિવેકાધીન સતાનો વ્યાજબી રીતે અને ઈક્વિટીના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર ઉપયોગ કરવાનો હોય છે. મનાઈ હુકમની દાદ હળવાશથી મંજુર કરી શકાય નહી કારણ કે તેનાથી સામા પક્ષકારને અસર થાય છે. વચગાળાનો મનાઈ હુકમ આપતા પૂર્વે અદાલતે એ જોવાનું રહે છે કે વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ ? સગવડ અગવડ વાદીની તરફેણ માં છે કે કેમ ? અને વાદીના મનાઈ હુકમનો ઈનકાર કરવાથી વાદીને નાણામાં ભરપાઈ ન થાય તેવું નુકસાન થાય તેમ છે કે કેમ તે પણ જોવાનું રહે છે.

પ્રથમ હકીકત વાદી પક્ષે અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવાની રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. દાવાના કામે તેમણે ઊભા કરેલા વિવાદી મુદ્દાની તપાસ કરવી ન્યાયોચિત છે. પ્રથમ દર્શનીય કેસનો એવો મતલબ નથી કે, વાદીએ ચોક્કસ હકીકતો સાબિત કરવી રહી. પરંતુ જો પુરાવો રજૂ કરવામાં આવશે તો તે માનવા લાયક ગણાશે. પ્રથમ દર્શનીય ની હકીકતોની સાથે સાથે વાદીએ એપણ બતાવવું રહ્યું કે મનાઇ હુકમનો ઈનકાર થવાથી તેમને નાણાથી ન મળી શકે તેવા પ્રકારનું નુકસાન થવાની સંભાવના રહેલી છે તેમજ સાથે સાથે

વાદીએ એ પણ દર્શાવવું જોઈએ કે મનાઇહુકમ આપવાથી પ્રતિવાદીને ઓછી અગવડતા થાય તેમ છે. જ્યારે પ્રતિવાદી કરતા તેઓને વધારે આગવડતા પડે તેમ છે એટલે કે સગવડ અગવડની સમતુલા વાદીની તરફેણમાં રહેલી છે.

**(09) <u>આંક ૦૫ ના કામચલાઉ મનાઈ હુકમ માટેના કારણો :-</u>**

**<u>મુદ્દા નંબર ૧ થી 3 માટેના કારણો:-</u>**

સદર કામે વાદીના દાવાની ટુંકમાં હકીકતો જોવામાં આવે તો વાદી પોતાની દાવા અરજી માં જણાવેલ છે કે, વાદીઓ ગુજરનાર નાનજી માસંગજીના વારસદારો છે જયારે આ કામના પ્રતિવાદીઓ ગુજરનાર ભજગોવિંદ શંકરલાલના વારસદારો છે મોજે ગામ ખાખડી તાલુકો હારીજ જિલ્લો પાટણની સીમના ખેડ ખાતા નં.૩૬૮ ના બ્લોક/સર્વે નં.૪૨૭ ની કુલ ૪-૧૫-૦૨ હે.આરે.ચો.મી. જેનો આકાર રૂા.૮.૮૭ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન કે જે દાવાના કામે વિવાદિત મિલકત છે જેથી હવે પછી સરળતા ખાતર સદરહુ જમીનને વાદગ્રસ્ત મિલકત તરીકે ઉલ્લેખવામાં આવશે. વાદીના જણાવ્યા અનુસાર સદર વાદગ્રસ્ત મિલકત ના મુળ માલિક આ કામના પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર આવેલ હતા અને રેકર્ડ ઓફ રાઈટસમાં તેઓ માલિક અને કબજેદાર હતા. વધુમાં વાદીના જણાવ્યા અનુસાર પ્રતિવાદીના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર દ્વારા સને -૧૯૫૬ ના સમયના પ્રવર્તમાન અને માન્ય કાયદાથી મોઢાના કરારથી કુલ જમીન પૈકી ૧૪ (ચૌદ) વીઘા જમીન વીસા કુંવરા તથા માદેવ પાંચા નાઓને વેચાણ આપી તેમના પ્રત્યક્ષ કબજા ભોગવટા અને ખેડ હક્કમાં સુપરત કરેલ હતા અને બાકીની ૪(ચાર) વીઘા જમીન ભજગોવિંદ શંકરલાલ ઠાકર દ્વારા

હારીજના શીવા રામાને બક્ષીસ આપેલ હતી અને તે રીતે પ્રતિવાદીના વડીલ ભજગોવિંદ શંકરલાલ ઠાકર દ્વારા દાવાવાળી જમીન વેચાણ તથા બક્ષીસથી સને-૧૯૫૬ની સાલમાં તબદીલ કરવામાં આવેલ અને ત્યારથી દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અને ખેડ હકક વેચાણથી રાખનાર વીસા કુંવરા, માદેવ પાંચા તથા બક્ષીસથી રાખનાર હરીજન શીવા રામાનાઓ ધારણ કરતા આવેલા અને પાણીપત્રકમાં સને-૧૯૫૬ બાદથી તેમના નામો ખેડ અને કબજા હકકમાં ચાલતુ આવેલ. તે રીતે દાવાવાળી જમીનનો માલિકી પ્રત્યક્ષ કબજો ભોગવટો વેચાણ હકકથી ધારણ કરનાર વીસા કુંવરા તથા માદેવ પાંચાની ૧૪ વીઘા જમીન તથા બક્ષીસથી ધારણ કરનાર હરીજન શીવા રામાની ૪ વીઘા જમીન ત્યારબાદ તેઓ પાસેથી વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા સને-૧૯૬૩ ની સાલમાં મોઢાના કરારથી વેચાણ રાખી માલિકી કબજો ભોગવટો ધારણ કરેલ અને ત્યારથી દાવાવાળી જમીનના ખેડ હકક તથા કબજા હકકમાં ધારણ કરનાર તરીકે વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોરના નામ ગામ નમુના નં.૭ અને ૧૨ માં ચાલ્યુ આવેલ અને તે રીતે સને-1963 ની સાલથી દાવાવાળી જમીનનો સમ્પૂર્ણપણે માલિકી કબજો ભોગવટો વાદીઓના પિતા/દાદાથી નાનજીજી માસંગજી તથા તેમના વારસદાર વાદીઓની સતત કોઈના કોઈપણ જાતના અંતરાય વિના ચાલ્યું આવેલ છે અને હાલની તારીખે પણ દાવાવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો અને ખેડ હકક વાદીઓનો તમામની જાણકારીમાં સતત અવિરતપણે ચાલ્યુ આવેલ છે જેમાં હાલમાં વાદીઓએ એરંડા તથા કપાસનું વાવેતર કરેલ છે. વધુમાં ઉપરોકત હકીકતે દાવાવાળી જમીન અંગે સને-૧૯૫૧ તથા ત્યારબાદ સને-૧૯૬૩ ની સાલમાં ઉત્તરોઉત્તર તબદીલીઓ થયેલ છે તેમ જણાવેલ છે

વધુમાં વાદીના જણાવ્યા અનુસાર તે સમયના પ્રવર્તમાન કાયદા મુજબ મોઢાના કરારથી વેચાણ થતા હોઈ અને મોઢાના કરારથી થયેલ વેચાણને તે સમય કાયદામાં માન્ય હોવાથી સબંધિત સમયના પ્રવર્તમાન કાયદા તથા તે સમયના સામાજીક વ્યવહાર અને વિશ્વાસથી મોઢાના કરારથી દાવાવાળી જમીનનું વેચાણ થયેલ હતા જેના કોઈ રજીસ્ટર્ડ દસ્તાવેજ થયેલ ન હતા. પરંતુ જે તે સમયે સને 1956 માં રજીસ્ટ્રેશન એક્ટ 1908 અમલમાં હોવાથી તે બંધનકર્તા હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. અને જેથી વાદીની એ હકીકત કે જે તે સમયે મોઢા ના કરાર થી વેચાણ થતું હોવાની હકીકત માનવા લાયક જણાતી નથી

વધુમાં વાદીઓના પિતા /દાદાથી નાનજીજી માસંગજીનું નામ પાણીપત્રકમાં કબજા અને ખેડ હકક ધારણ કરનાર તરીકે દાખલ થયેલ જ્યારે માલિકીના કોલમમાં પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલનું નામ ચાલુ રહેલ હોવાથી રેકર્ડની તે પરિસ્થિતિના આધારે ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતના અધિનિયમની કલમ-૩૨-ગ હેઠળ ગણોતીયા અને જમીન તરીકેના તપાસ ઉપસ્થિત થવા પામેલ અને જે ગણોત તપાસના કામે મામલતદાર અને કૃષિપંચ, હારીજ નાઓ સમક્ષ ગણોત કેસ નં.૩૨ઓ/ખાખડી/૫૧/૭૪ ના કામે વાદીઓના વડીલ ઠાકોર નાનજીજી માસંગજી નાઓને ગણોતીયા તરીકે તથા પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ નાઓને જમીન માલિક તરીકે દર્શાવી તેઓ બન્નેને તથા અન્ય અગાઉના તબદીલીથી લેનારાને ગણોત કેસના કામે હાજર રહી તેમના જવાબ/નિવેદનો/વાંધા તથા પુરાવા રજુ કરવા નોટીસો પણ કાઢવામાં આવેલી જે ગણોત કેસમાં વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર નાઓ મામલતદાર અને કૃષિપંચ સમક્ષ હાજર થઈ તેમનો જવાબ તથા નિવેદન લખાવેલ જેમાં તેમણે સ્પષ્ટપણે એ હકીકત જાહેર કરેલી કે

તેઓ જમીનના ગણોતીયા નથી પરંતુ આ જમીન પૈકી ૧૪ વીઘા જમીન જમીન માલિક ભજગોવિંદ શંકરલાલ પાસેથી માદેવ પાંચા તથા વીસા કુંવરાએ વેચાણ રાખેલી અને ૪ વીઘા જમીન ભજગોવિદ શંકરલાલે રામા ભુપતાને વેચાણ આપેલી અને રામા ભુપતાએ તે જમીન હરીજન શીવા રામાને બક્ષીસથી આપેલી અને ત્યારબાદ તેઓ પાસેથી આ જમીન વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોરે વેચાણ રાખેલી છે અને કબજો ધરાવે છે અને વેચાણ રાખ્યા પહેલા કોઈ વખત ભાગે કે ગણોતે વાવેલ નથી અને વેચાણ અંગેનો કોઈ દસ્તાવેજ કરાવેલ નથી તેમજ કોઈ આધાર નથી, આ જમીન ગણોતીયા તરીકે વાવતા નથી પરંતુ વેચાણ હકકે માલિક તરીકે વાવે છે તેવા સ્પષ્ટ લેખિત નિવેદન વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા ગણોત કેસના કામે મામલતદાર અને કૃષિપંચ હારીજ નાઓ સમક્ષ પ્રત્યક્ષ હાજર રહી લખાવેલ છે. ઉપરાંત આ ગણોત કેસના કામે જમીન માલિક તરીકે દર્શાવેલ ભજગોવિંદ શંકરલાલનાઓ પણ હાજર થઈ તેમનો લેખિત નિવેદન લખાવેલ છે જેમાં તેમણે પણ નાનજીજી માસંગજી ઠાકોરએ લખાવેલ નિવેદનની હકીકતને સમર્થન આપતા નિવેદન લખાવેલ છે અને તેમણે પણ ઠાકોર નાનજીજી માસંગજી ગણોત હકકે નહિ પરંતુ વેચાણ હકકે માલિક તરીકે કબજો ધરાવી વાવે છે તેવા સ્પષ્ટ નિવેદન તે સમયે ગણોત કેસના કામે પ્રતિવાદીઓના વડીલ ભજગોવિંદ શંકરલાલ દ્વારા પણ પ્રત્યક્ષ હાજર રહી લખાવેલ જે પક્ષકારોના પક્ષનિવેદનો તથા પુરાવા જોઈ તેના આધારે મામલતદાર ને કૃષિપંચ, હારીજ નાઓએ તેમના ગણોત કેસ નં.૩૨ઓ/ખાખડ/૫૧/૭૪ ના કામે તા.૨૨-૪-૧૯૭૬ ના રોજના હુકમથી નાનજીજી માસંગજી ઠાકોર ગણોતીયા તરીકે નહિ પરંતુ વેચાણ હકકથી માલિક તરીકે જમીનનો કબજો તથા વાવેતર કરે છે તેમ ઠરાવી ગણોતધારાની કલમ-૩૨ઓ ની કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવેલ અને જમીન

નાનજીજી માસંગજી ઠાકોરના ખાતે કરવા સારૂ રેકર્ડ ઓફ રાઈટસના ધોરણે તજવીજ કરવા સુચના આપવામાં આવેલ.

તે રીતે દાવાવાળી જમીન વાદીઓના પિતા/વડીલશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા મોઢાના કરારથી વેચાણ રાખેલ હોઈ વેચાણ હકકથી માલિક કબજેદાર ભોગવટેદાર તરીકે દાવાવાળી જમીનનો માલિકી પ્રત્યક્ષ કબજો ભોગવટો કોઇના કોઈપણ જાતના અંતરાય, અડચણ વિના પ્રતિવાદીઓના વડીલ તથા પ્રતિવાદીઓની જાણકારીમાં ધારણ કરી ખેતીવાડી કરી ઉપજ નિપજ મેળવતા આવેલા પરંતુ સબંધિત સમયે મામલતદાર અને કૃષિપંચ, હારીજના હુકમમાં આપેલ સુચના પ્રમાણે રેવન્યુ તલાટીએ વાદીઓના પિતા/વડીલશ્રી નાનજીજી માસંગજીના ખાતે રેકર્ડમાં કરવા સૂચના આપેલ હોવા છતાં રેવન્યુ તલાટીએ તેવી સુચનાનો અમલ કે તે મુજબ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહિ અને રેકર્ડ ઓફ રાઈટસમાં અગાઉની પરિસ્થિત ચાલુ રાખેલ અને જે રેવન્યુ અધિકારીની બેદરકારી અને ભુલના પરિણામે દાવાવાળી જમીનના વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી વેચાણ હકકથી માલિક તરીકે કબજો ભોગવટો ધારણ કરતા હોવા છતાં તેઓનું નામ માલિક કબજેદારના કોલમમાં નહિ દર્શાવીને બીજા હક્કના ખેડ કબજા હકના કોલમમાં ચાલુ રાખેલ જ્યારે માલિકીના કોલમમાં પ્રતિવાદીના વડીલ ભજગોવિદ શંકરલાલનું નામ ચાલુ રાખેલ પરંતુ તેઓનો જમીન પરત્વે કોઈજ હકક કે કબજો ક્યારેય સને-૧૯૫૬ પછીથી ન હતો કે નથી તેમણે ક્યારેય જમીન વેચાણ આપ્યા બાદ તેમના અગાઉના કે તેમના પ્રત્યક્ષ માલિકી કબજા ભોગવટામાં કોઈ વાંધો વિરોધ કે તકરાર લીધેલ ન હતા ઉલ્ટાનું તેમણે ગણોત કોર્ટમાં પણ તેમણે જમીન વેચાણ આપી દીધાની હકીકત લેખિતમાં સ્વીકારી નિવેદનો આપેલા જેથી તેમની વચ્ચે ક્યારેય જમીનના રેકર્ડની પરિસ્થિત

આધારે તેમના માલિકી કબજા ભોગવટા સંદર્ભે કોઈ વાદ-વિવાદ કે તકરાર કે મતભેદ થયેલ ન હતા અને વાદીઓ તથા તેમના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી નાઓ અભણ અજ્ઞાન ખેડુત હોઈ રેકર્ડ બાબતે તેમની અજ્ઞાનતાવશ માલિકીના કોલમમાં તેમનુ નામ દાખલ થાય તે માટે કોઈ કાર્યવાહી કરેલ ન હતા. આમ, ઉપરોકત હકીકતે દાવાવાળી જમીન વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા વેચાણ રાખેલ ત્યારથી એટલે કે સને-૧૯૬૩ થી સતત અને અવિરતપણે માલિકી પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર તથા ત્યારબાદ તેઓનું અવસાન તા.૨૮-૮ -૧૯૯૫ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદાર હોવાની રૂએ વાદીઓ આ કામના પ્રતિવાદી તથા ગામ લોકો તમામની જાણકારીમાં કોઈના કોઈપણ જાતના અંતરાય, અવરોધ કે અડચણ, વાંધા વિરોધ વિના ધારણ કરતા આવેલા છે અને વાદીઓ દાવાવાળી જમીનમાં જાતે ખેતી કરે છે અને દાવાવાળી જમીનમાં સીઝનનું વાવેતર જાતે કરે છે અને હાલમાં પણ વાદીઓએ દાવાવાળી જમીનમાં એરંડા તથા કપાસનું વાવેતર કરેલ છે અને માલિકી હકકથી તેમના પિતા/દાદાશ્રી નાનજીજી માસંગજી ઠાકોર દ્વારા અગાઉ દાવાવાળી જમીન તથા અન્ય જમીન ઉપર સહકારી મંડળીમાંથી ખેત ધિરાણ પણ મેળવેલ જે અંગે મંડળીના બોજાની નોંધો નં.૮૦૭ તા.૭-૬-૧૯૮૪ ના રોજ દાવાવાળી જમીનના રેકર્ડમાં થયેલ છે. વધુમાં વાદીઓ જણાવે છે કે, ઉપરોકત તમામ હકીકતો અને વિગતો હોવા છતાં સદરહુ દાવાવાળી જમીનો પરત્વે આ કામના પ્રતિવાદીઓનો કોઈ હકક, હિત, હિસ્સો કે અધિકાર દાવાવાળી જમીનો પરત્વે સને-૧૯૫૧ ની સાથેથી દાવાવાળી જમીનો વેચાણ આપી દીધા બાદ રહેલ ન હોવા છતાં તેમજ સને-૧૯૬૩ ની સાલથી થયેલ તબદીલી અંગે આ કામના પ્રતિવાદીઓએ કે તેમના વડીલે કોઈજ વાંધો કે તકરાર ક્યારેય ઉપસ્થિત કરેલ ન

હોવા છતાં હાલમાં જમીનોનો ભાવ વધતા અને પ્રસરી રહેલ દુષણ સ્વરૂપે આ કામના પ્રતિવાદીઓ દ્વારા બીનહકકે અને બિનઅધિકારે મલીન ઈરાદે સદરહુ દાવાવાળી જમીનો પરત્વે વાદીઓ પાસેથી મોટી આર્થિક તોડ કરવાના બદઈરાદાથી દાવાવાળી જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં તેમના વડીલ ભજગોવિદ શંકરલાલનું નામ ચાલુ રહેલ હોઈ તેનો ગેરલાભ ઉઠાવી ભજગોવિદ શંકલાલનું અવસાન સને-૧૯૭૮ ની સાલમાં થયા બાદ તેમના વારસદાર તરીકે પણ પ્રતિવાદીઓના પિતા નટવરલાલ ભજગોવિંદનું નામ ખોટી રીતે રેકર્ડમાં દાખલ કરાવેલ છે અને ત્યારબાદ નટવરલાલ ભજગોવિંદનું અવસાન તા. 01-01-2020 ના રોજ થતા પ્રતિવાદીઓએ તેમની વારસાઈ નોંધ નં.3113 થી તા. 27-10-2021 ના રોજ દાખલ કરાવેલ અને પ્રતિવાદીઓ કે તેમના વડીલનો દાવાવાળી જમીનમાં કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો કે કબજો દાવાવાળી જમીનમાં રહેલ ન હોવાનું અને વાદીઓ દાવાવાળી જમીનના માલિક કબજેદાર હોવાનું જાણતા હોવા છતાં પ્રતિવાદીઓ દ્વારા રેકર્ડ ઓફ રાઈટસનો ગેરલાભ ઉઠાવીને તેમના નામો રેકર્ડમાં દાખલ કરાવી દીધા છે

**આમ, હાલના વાદી દ્વારા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, વાદીના પુર્વજ ધ્વારા દાવા વાળી વાદગ્રસ્ત મિલકત વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજૂ કરી શકેલ નથી તેમજ આ કામે વાદી ના પૂર્વજોનો દાવા વાળી વાદગ્રસ્ત મિલકત પરત્વે માલિકી હકક સાબિત કરતો પ્રથમદર્શનીય પુરાવો રજૂ કરી શકેલ નથી.**

**વધુમાં રેવન્યુ રેકર્ડ બાબતે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ની કલમ-૧૩૫ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ વર્ણવેલ છે.**

**ધી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ ની કલમ-૧૩૫ (જે),**

હકકપત્ર અને ફેરફારના રજિસ્ટરમાંની નોંધો ખરી હોવા સંબંધી અનુમાન,

" હકકપત્રકમાંની નોંધ તથા ફેરફારના રજિસ્ટરમાંની પ્રમાણિત નોંધ ખરી નથી એમ સાબિત કરવામાં આવે નહિ ત્યાં સુધી, અથવા તેને બદલે નવી નોંધ કાયદેસર દાખલ કરવામાં આવે નહિ ત્યાં સુધી તે ખરી છે એમ માની લેવુ".

આમ, હાલના કામે વાદીની દાવા અરજી વંચાણે લેવામાં આવે તો હાલના કામના વાદીઓ માલિક હોવા બાબતે નો પ્રથમ દર્શનીય હકીકતો સાબીત કરવામાં વાદી નિષ્ફળ ગયેલ હોય તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વાદીએ વેચાણના અવેજની રકમ પ્રતિવાદીના પૂર્વજને કયારે અને કેટલી આપેલી તેનો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરેલ નથી, દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમાં તેમના નામ ચઢાવવા માટે વાદી દ્વારા રેવન્યુ ઓથોરીટીને અરજી આપેલ હોય કે કોઈ આગળની કાર્યવાહી કરેલ હોય તેવો કોઈ પુરાવો તેઓએ હાલના દાવા સાથે રજુ કરેલ નથી. આ ઉપરાંત વાદ ગ્રસ્ત મિલકતના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામ ચાલતા હોવાનું પ્રથમ દર્શનીય રીતે સાબિત થાય છે દાવાવાળી મિલકત પ્રતિવાદીઓની વડીલોપાર્જિત મિલકત છે કે કેમ તે બાબતે ચકાસણી કરતા આ કામે વાદી દ્વારા રજૂ કરેલ રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો ગામ નમૂના નંબર 7 અને 12 તથા 8 આ તથા 6 ના હકકપત્રક ના ઉતારા કે જે આ કામે વાદીએ રજૂ કરેલ માર્ક 4/8, 4/9, તથા 4/10 તથા માર્ક 4/11 તથા 4/12 જોતા પ્રતિવાદીઓના નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈથી અને ઘણા વર્ષોથી ચાલતા હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે. વધુમાં વાદીએ દાવા અરજ તથા મનાઈહુકમની અરજી લગત તથા તેમના પૂરાવામાં કે દસ્તાવેજી પૂરવામાં ક્યાંય પણ કહેવાતો મોખિક કરાર કઈ તારીખે અને ક્યાં સ્થળે થયેલો તે હકીકતો જાહેર કરેલ નથી કે કહેવાતા વેચાણ કરાર માં અવેજની રકમ કેટલી હતી

વગેરે અનિવાર્ય વિગતો જણાવેલ નથી જેનાથી વાદીઓ દ્વારા રજૂ થયેલ રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદીના નામો ખોટા ચઢી ગયેલા નું પ્રથમ દર્શનીય સાબિત થતું નથી.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ના **સંજય શર્મા વિરૂદ્ધ કોટક મહિન્દ્રા લિમિટેડ (2024 0 SUPREME (SC) 1326)** ના ચુકાદામાં જણાવ્યા મુજબ વેચાણ દસ્તાવેજ જ્યાં સુધી રજિસ્ટર્ડ કરાવેલ ન હોય ત્યાં સુધી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ ના કાયદાની કલમ 54 મુજબ માલિકી હકક હસ્તાંતરિત થતો નથી જેથી ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા હાલના વાદી દ્વારા પણ વાદગ્રસ્ત દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ કરાવેલ ન હોય જેથી તેઓને કોઈ માલિકી હકક પ્રાપ્ત થયેલ છે તેમ પ્રથમદર્શનીય રીતે માની શકાય નહિ. વધુમાં સગવડ અગવડ ની સમતુલા પણ પ્રતિવાદી ની તરફેણ માં હોવાનું અત્રે ની અદાલત નું માનવું છે જેથી મુદ્દા નંબર 01 થી 03 નો જવાબ ઉપર ચર્ચા કરી તે મુજબ નકારમાં આપવામાં આવે છે.

## <u>આંક ૦૫ નીચે આખરી હુકમ</u>

1. સદર વાદીની મનાઈઅરજી નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.03/06/2025

સ્થળ: હારીજ (કૃણાલકુમાર એન.પુરાણી)

પ્રિન્સિપાલ સિવિલ જજ, હારીજ

જજ કોડ જીજે01528